બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના ફાજલ થતા શિક્ષકોને રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૩૦/૫/૨૦૧૨

**વંચાણે લીધા-**

૧) શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૩-૭-૬૯નો ઠરાવ ક્રમાંક-એસએસએન-૩૪૬૮-૪૦૪૧૯-ગ

૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ, તા.૨૨-૧૧-૧૦

૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-બમશ-૧૦૧૧-૧૫૬૭-ગ તા.૨૫-૨-૧૧

૪) શિક્ષણ વિભાગનો તા.૧૯-૯-૧૧નો પત્ર ક્રમાંક-બમશ-૧૩૨૦૧૧-૫૯૯૮૧૭-ગ

૫) શિક્ષણ વિભાગનો સુધારા ઠરાવ ક્રમાંક-બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ, તા.૪-૫-૨૦૧૨

**આમુખ :-**

ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા અધિનિયમ-૨૦૧૦ અન્વયે ધો.૮ને માધ્યમિક શાળામાંથી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં ખસેડવાના કારણે ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં વર્ગ ઘટાડા થતા ફાજલ થયેલ શિક્ષક/શિક્ષણ સહાયકને ફાજલનુ રક્ષણ બાબતે ઉકત વંચાણે લીધેલ ક્રમ(૨)થી (૫) ના ઠરાવોથી જરુરી માર્ગદર્શક સુચનાઓ તથા કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ હતી.

વંચાણે લીધેલા ઉકત ઠરાવોના અમલમાં કેટલીક વિસંગતતા હોવાના કારણે રાજયના વિવિધ સંઘો પૈકી ગુજરાત નઇ તાલીમ સંઘ, ગુજરાત રાજય કલા સંઘ તથા ગુજરાત રાજય વ્યાયામ શિક્ષક મંડળ દ્વારા વિવિધ રજુઆતો કરવામાં આવેલ હતી. ઉકત રજુઆતો સંદર્ભે શિક્ષણ વિભાગ કક્ષાએ એક મીટીંગનુ આયોજન તા.૨૩-૫-૨૦૧૨ના રોજ અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ હતુ. આ બેઠકમાં કમિશનરશ્રી, શાળાઓ તથા અધ્યક્ષ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ વિભાગના સબંધિત અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

પુખ્ત વિચારણાના અંતે ધો.૮નો વર્ગ માધ્યમિક શાળાઓમાંથી બંધ થવાના કારણે ફાજલ પડનાર શિક્ષકોને સમાવવા અંગે ઉદભવેલ વિસંગતતા દૂર કરવા નીચે મુજબની વધારાની સૂચનાઓ/સ્પષ્ટતાઓ બહાર પાડવાનુ ઠરાવેલ છે.

**ઠરાવઃ-**

(૧) જે શાળામાં ધો.૯ થી ૧૨ ના કુલ-૪ કે તેથી વધુ વર્ગો હોય તેવી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જો જે તે શાળાની સીનીયોરીટીમાં સમાવેશ થતો હોય તો એક (૧) વ્યાયામ શિક્ષકને શાળામાં રાખવા એટલે કે તેમને ફાજલ કરવા નહી.

(૨) જો માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધો.૯ થી ૧૨ ના સાત(૭) કે તેથી વધુ વર્ગો હોય અને જો જે તે શાળાની સીનીયોરીટીમાં સમાવેશ થતો હોય તો તેવા ચિત્ર શિક્ષકને ફાજલ કરવા નહી.

(૩) ઉપર સંદર્ભ(૧) માં દર્શાવેલા તા.૩-૭-૬૯ના ઠરાવથી નિયત થયેલ ઉત્તર બુનિયાદી શાળા માટેના ઉદ્યોગ શિક્ષકના નોર્મ્સ લક્ષમાં લેતાં ધો.૯ અને ૧૦નો એક એક એટલે કે માત્ર બે (૨) વર્ગોવાળી ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળામાં ૧.૩× ૨-૨.૬એટલે કે ૩(ત્રણ) અને ૨ ઉદ્યોગ શિક્ષક મળીને આચાર્ય સહિત કુલ પાંચ (૫) શિક્ષકો મળવાપાત્ર થશે પરંતુ જો ધો.૯ અને ૧૦ના કુલ-ત્રણ(૩) વર્ગો હોય તો જુની જોગવાઇ યથાવત રહેશે.

૨. ઉપરોકત સ્પષ્ટતાઓ લક્ષમાં લઇ સબંધિત શાળાઓમાં વ્યાયામ શિક્ષક, ચિત્રકલાના શિક્ષક તેમજ ઉત્તર બુનિયાદી શાળાઓના ઉદ્યોગ શિક્ષકોને ફાજલ કરવામાં આવે તે જોવાની જવાબદારી સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એન.ડી.હળપતિ)**
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર -
-અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
-એ.જી. અમદાવાદ/રાજકોટ
-પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
-તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
-નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર
-કોમ્પ્યુટર સેલ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓન લાઇન મુકવા સારુ)
-પ્રમુખશ્રી, ગુજરાત રાજય કલા શિક્ષક સંઘ, ૨/૨૧, ગોકુલ એપાર્ટમેન્ટ, પારસનગર બસસ્ટેન્ડ પાસે, સોલા રોડ, અમદાવાદ
-પ્રમુખશ્રી, ગુજરાત માધ્યમિક/ ઉચ્ચ માધ્યમિક વ્યાયામ શિક્ષક મંડળ, જે.આર.વાળા મા.શાળા(સરખડી) તા.કોડીનાર જી.જુનાગઢ
-પ્રમુખશ્રી, ગુજરાત નઇ તાલીમ સંઘ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
- સીલેકટ ફાઇલ.